# શાંત અને ખૂણામાં પડેલો એ સફેદ રંગ!



આજે આપણે એક એવી અદભુત અને મજેદાર વાત કરવા જઈ રહ્યા છીએ, જે દુનિયાના દરેક વ્યક્તિ સુધી પહોંચવી ખૂબ જ જરૂરી છે. આપણા જીવનની એક એવી ઊંડી સચ્ચાઈને ઉજાગર કરે છે, જેને આપણે ઘણીવાર નજરઅંદાજ કરી દેતા હોઈએ છીએ. આ વાર્તા આપણા બાળપણના કલર બોક્સ અને તેમાં રહેલા એક ખાસ રંગની આસપાસ ફરે છે.

બાળપણનો એ 'નકામો' સફેદ કલર.

યાદ કરો તમારું બાળપણ! જ્યારે આપણે શાળામાં ચિત્રકામ કરતા હતા, ત્યારે આપણી પાસે કલરની એક નાની કે મોટી પેટી હોતી હતી. તે બોક્સમાં લાલ, લીલો, પીળો, વાદળી, નારંગી જેવા અનેક ચમકતા રંગો ઉપલબ્ધ હતા. આપણે આ બધા જ રંગોનો ભરપૂર ઉપયોગ કરતા. લાલ રંગથી સૂરજ કે સફરજન બનાવતા, લીલા રંગથી ઝાડ-પાન દોરતા અને વાદળી રંગથી નદીઓ વહાવતા. પરંતુ તે જ બોક્સમાં એક શાંત અને ખૂણામાં પડેલો રંગ પણ હતો - સફેદ રંગ.જો તમે બરાબર યાદ કરશો કે આખા બોક્સમાં સફેદ એકમાત્ર એવો રંગ હતો, જેને આપણે ક્યારેય અડતા પણ નહીં! બાકીના બધા જ રંગો ઘસાઈને નાના થઈ જતા, પણ સફેદ રંગ એવો ને એવો નવો નકોર અને આખો જ પડી રહેતો. આપણને હંમેશાં એવું લાગતું કે આ સફેદ કલર સાવ નકામો છે. કંપનીવાળાએ આ કલર બોક્સમાં ખોટો જ આપી દીધો છે, આનો તો કોઈ ઉપયોગ જ નથી! જો આપણે તેનાથી કાગળ પર કંઈક લખવાનો કે દોરવાનો પ્રયત્ન પણ કરીએ, તો કંઈ દેખાતું જ નહીં. આપણે આ સફેદ પેન્સિલ કે કલરને સાવ નકામો સમજી બેસતા. સમસ્યા ક્યારેય એ સફેદ રંગમાં નહોતી, સમસ્યા એ બેકગ્રાઉન્ડમાં હતી, જેના પર તેને ઘસવામાં આવી રહ્યો હતો!

**આપણને બાળપણમાં લાગતું કે કલર ખરાબ છે, પણ હકીકતમાં કલરમાં કોઈ ખામી નહોતી, ખામી એ સફેદ કાગળના બેકગ્રાઉન્ડમાં હતી**

હવે અહીં જ જીવનનો સૌથી મોટો વળાંક અને ઊંડો છુપાયેલો છે. જરા વિચારો, આપણે જે કાગળ પર ચિત્ર દોરતા હતા, તે કાગળ પોતે જ કયા રંગનો હતો? હા, તે કાગળ પણ સફેદ જ હતો! હવે જો સફેદ કાગળ પર તમે સફેદ કલરથી કંઈ પણ દોરશો કે લખશો, તો તે કેવી રીતે દેખાશે? સ્વાભાવિક છે કે તે ક્યારેય દેખાવાનું નથી. આપણને બાળપણમાં લાગતું કે કલર ખરાબ છે, પણ હકીકતમાં કલરમાં કોઈ ખામી નહોતી, ખામી એ સફેદ કાગળના બેકગ્રાઉન્ડમાં હતી.

આ જ વસ્તુને એક બીજા દૃષ્ટિકોણથી જુઓ. જો તમને એક કાળો કાગળ આપવામાં આવે અને તમારા હાથમાં એ જ 'નકામો' કહેવાતો સફેદ કલર આપવામાં આવે અને તમે તેનાથી માત્ર એક નાની લીટી પણ દોરશો ને, તો એ કાળા કાગળ પર એ સફેદ લીટી એટલી જોરદાર ચમકશે કે આખા કાગળ પર માત્ર એ જ દેખાશે! સફેદ કાગળ પર દુનિયાભરના બીજા રંગો ભેગા કરીને ડેકોરેશન કરવું પડે છે ત્યારે તે સુંદર દેખાય છે, પરંતુ કાળા કાગળ પર સફેદ રંગની એક જ લાઈન એટલો મજબૂત ગ્લો આપે છે કે જેની કોઈ સીમા નથી. આનો અર્થ એ થયો કે સફેદ રંગ ક્યારેય નકામો નહોતો, તેને માત્ર સાચું બેકગ્રાઉન્ડ મળવાની જરૂર હતી.

આ આખી વાત આપણા પોતાના જીવન સાથે પણ આબેહૂબ બંધ બેસે છે. ઘણીવાર આપણી જિંદગીમાં પણ એવો સમય આવે છે જ્યારે આપણે કોઈ ચોક્કસ જગ્યાએ, શાળામાં, કોલેજમાં, ઓફિસમાં કે પછી આપણા પોતાના બિઝનેસમાં આપણું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન આપતા હોઈએ છીએ. આપણે રાત-દિવસ મહેનત કરીએ છીએ, દરેક સંભવ પ્રયાસ કરીએ છીએ, છતાં પણ કશું જ કામ નથી આવતું. કંઈ પણ 'ક્લિક' જ નથી થતું. લોકો આપણી મહેનતની કદર નથી કરતા, આપણને કોઈ નોટિસ પણ નથી કરતું. આવા સમયે આપણા મનમાં નકારાત્મક વિચારો આવવા લાગે છે. આપણને એવું લાગવા માંડે છે કેઃ શું હું ટેલેન્ટલેસ છું? મારામાં કોઈ આવડત જ નથી?

શું હું સાવ નકામો છું?


હું આટલી મહેનત કરું છું તો પણ કોઈને કેમ દેખાતું નથી?

પરંતુ દોસ્તો, અહીં જ રોકાઈને વિચારવાની જરૂર છે. જો તમે તમારું બેસ્ટ આપી રહ્યા છો અને છતાં પણ કશું નથી બદલાઈ રહ્યું, તો એનો મતલબ એ બિલકુલ નથી કે તમે નકામા છો. એનો સીધો અર્થ એ છે કે તમે અત્યારે જે જગ્યાએ છો કે જે પર્યાવરણમાં છો, તે કદાચ તમારા માટે યોગ્ય નથી!

જેમ સફેદ રંગ સફેદ કાગળ પર અદ્રશ્ય રહે છે, તેમ તમારી કાબેલિયત પણ ખોટા માહોલમાં ક્યારેય ઓળખાશે નહીં. જો તમે હીરો છો, તો તમારે ઝવેરીની દુકાને જવું પડશે, શાકભાજીની માર્કેટમાં હીરાની કિંમત માત્ર એક પથ્થર જેટલી જ થશે. તમારી મહેનત ખોટી નથી, તમારી જગ્યા ખોટી હોઈ શકે છે. જ્યારે તમે તમારા યોગ્ય પ્લેટફોર્મ પર પહોંચશો, જ્યારે તમને તમારું 'બ્લેક બેકગ્રાઉન્ડ' મળશે, ત્યારે તમારી કિંમત દુનિયાને આપોઆપ સમજાશે.

યાદ રાખો, દરેક વ્યક્તિનો એક ચોક્કસ સમય અને સ્પેસ હોય છે. નિરાશ થવાની જરૂર નથી, કારણ કે તમારો પણ સમય આવશે! તમારો સમય આવશે અને તમે પણ ચમકશો!

# લાશનું કનેક્શન ક્યાંક આહવામાં ટેરર અટેકની ધમકી સાથે તો નહીં હોય ને?




ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીની વારંવારની 'પહોંચી ગયા. બસ આવ્યું જ સમજો'ની ધરપતથી ચંદુ અને મજીદની ચીડ હવે વધતી જતી હતી, પણ આસપાસની પ્રચંડ ભીડ વચ્ચે અન્ય વિકલ્પ પણ નહોતા. ડ્રાઈવર લેફ્ટ ટર્ન લીધો એટલે નીરવે એને આદેશ આપ્યો કે ફટાફટ ત્રણ કપ સારી ચા લાવજો. હાશકારા સાથે ચંદુ અને મજીદ ખુશ થયા, પણ બેઉ નાદાન જાણતા નહોતા કે દરેક ખુશીની ઉંમર જુદી જુદી હોય છે અને દરેક ઉંમરની ખુશી પણ અલગ અલગ હોય છે.

S.P. પુષ્કર્ણા હડપચી ખંજવાળતા હતા. રાજેશ પંચમિયા અને કૃતિ બચીબેનની પૂછપરછમાં શરૂઆતમાં કોઈ વિરોધાભાસ નહોતો. ફિલ્મની વાતોમાં પોલીસને રસ નહોતો. પરંતુ ચિંતાની બાબત એ હતી કે એમના આસિસ્ટન્ટ ડિરેક્ટર કમ પ્રોડક્શન કંટ્રોલર માઈકલ ડી'કોસ્ટાના લાપતા હતો ને સ્થાનિક ગાઈડ ભુરા ભીલના ય અતાપતા નહોતા. તાત્કાલિક આખા ડાંગ જિલ્લાના પોલીસવાળાના મોબાઈલ ફોનમાં માઈકલ ડી'કોસ્ટા અને ભુરા ભીલના ફોટા પહોંચી ગયા.

શું માઈકલ આતંકવાદી હતો ને ભુરો એનો સાગરીત હતો? આ ઉપરાંત પુષ્કર્ણાને મુંઝવતી બીજી બાબત વધુ વિચિત્ર હતી. રાજેશ પંચમિયા તો ચંદુ વિશે કઈ જાણતા નહોતા ને મજીદ વિશે પણ. શૂટિંગનો સમય વેડફાતો હોવાથી રોષે ભરાયેલો રાજેશ બરાડા પાડવા માંડ્યો કે તમને મોટી ગેર સમજણ થઈ છે કાં ઈરાદા સાથે અમને પકડ્યા છે. તેણે સાફસાફ કહી દીધું કે આ બધું તમને બહુ ભારે પડશે. બીજી બાજુ, કૃતિ બચીબેને ફોટો જોતાવેંત ચંદુને ઓળખી લીધો, 'હા, મેં જ બોલાવ્યો છે એને.' પણ તેણે ધરાર મજીદ વિશે કઈ કરતા કઈ જાણતી ન હોવાનો કક્કો પકડી જ રાખ્યો.

**ક્રાઈમ કોડ**

**પ્રફુલ શાહ**

પુષ્કર્ણાએ કાગળ પર લખેલા ચંદુ, મજીદ, માઈકલ ડી'કોસ્ટા અને ભુરા ભીલના નામની આસપાસ માર્કર પેનથી લાલ કુંડાળા દોર્યાને બબડ્યાઃ આ ચારમાંથી કોઈ હુકમનો એક્કો હોઈ શકે પણ કોણ હશે એ? ક્યારે મોઢું ખોલશે? મોઢામાંથી કામની વાત નીકળે એ પહેલા ક્યાંક મોડું થઈ ગયું તો?

**હાશકારા સાથે ચંદુ અને મજીદ ખુશ થયા, પણ બેઉ નાદાન જાણતા નહોતા કે દરેક ખુશીની ઉંમર જુદી જુદી હોય છે અને દરેક ઉંમરની ખુશી પણ અલગ અલગ હોય છે**

માથાને ઝાટકો આપીને પુષ્કર્ણા ઊભા થયા તો નીરવ ત્રિવેદીની જીપને કમ્પાઉન્ડમાં પ્રવેશતી જોઈને એમની આંખમાં ચમક આવી ગઈ.

'આ યે શા... આ યે શા... આ યે શા' ના નામનની કાગારોળ સાંભળીને આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા ગુસ્સામાં બહાર દોડી આવી. ઈન્સ્પેક્ટર નીરવ ત્રિવેદીની ગેરહાજરીમાં ચિંચલી પોલીસ સ્ટેશનમાં A.S.I. કાવ્યા કામચલાઉ અને અલ્પકાલીન બૉસ હતી. પ્રમોશન અને પોસ્ટ માટે સતત વલખા મારતી કાવ્યાને રોબ ચલાવવાનો મોકો મળી ગયો.

આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણા હવાલદાર સામે જોઈને તાડુકી, 'આ મચ્છી બજાર છે કે કોઈ પણ આવીને કોલાહલ મચાવે? કાઢો આને બહાર.' આ સાંભળીને સેબાસ્ટીયન ગોન્સાલવિસ ઉર્ફે સબા

**અતા-પતા-લાપતા -9**

સટાક દઈને ઊભો થઈ ગયો. 'કોઈ પણ... કોલાહલ... મચ્છી બજાર... હું ટાઈમપાસ કરું છું? આ હવાલદાર મોબાઈલમાંથી ડાચું ઉચકતો નથી ને તમે... તમે આવો બકવાસ કરો છો? ત્રિવેદી સાહેબને બન્નેની ફરિયાદ કરવાનો છું... ક્યારે આવશે સાહેબ?'

કઈક ઊંધું વેતરાયાની શંકા જતા આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટર કાવ્યા રાણાના અવાજનો ટોન એકદમ બદલાઈ ગયો. 'જુઓ ભાઈ નીરવ ત્રિવેદી સર ઈમ્પોર્ટન્ટ કેસ માટે બહાર ગયા છે... બધા પોલીસવાળા ડાંગ દરબારની ઉજવણીમાં બંદોબસ્તમાં ખડેપગે છે અને તમે મારી સાથે અંદર આવો. તમારો પ્રોબ્લેમ તો જણાવો અને હલાલદાર હવે મોબાઈલ હાથમાં લીધો ને તો ખેર નથી. બે કપ ચા પણ કહી દો અને સર આપ મારી સાથે આવો ભાઈ.'

હવાલદાર ચા લેવા જતા બબડ્યો, 'આ રાણા કોઈ રીતે સહન ન થાય હો બાપલા. ઝેરી નાગણ છે નાગણ. ત્રિવેદી સાયબ સિવાય બીજું કોઈ હોત તો ક્યારની અજગરની જેમ ગળી ગઈ હોત.'

S.P. સુરેન્દ્ર પુષ્કર્ણાને નીરવ ત્રિવેદીના પ્રતીક્ષા હતી, ત્યાં આસિસ્ટન્ટ યજ્ઞેશ શેટ્ટીએ ઈન્ટરકોમ પર માહિતી આપી. 'સર, ચિંચલી પાસે એક લાશ મળી છે.' ન જાણે કેમ પુષ્કર્ણાને તરત વિચાર આવ્યો કે લાશનું કનેક્શન ક્યાંક આહવામાં ટેરર અટેકની ધમકી સાથ તો નહીં હોય ને?'

(ક્રમશઃ)

**ઈધર-ઉધરકી**

**આરતી જેરથ**

## રામ મંદિરમાં દાનચોરી વિવાદ અને ચંપતરાય

રામ મંદિર દાનની ચોરીના વિવાદના કેન્દ્રમાં રહેલા વ્યક્તિ અને મંદિર ટ્રસ્ટના ભૂતપૂર્વ જનરલ સેક્રેટરી ચંપતરાય એક વિવાદાસ્પદ વ્યક્તિ રહ્યા છે. જોકે, પોલીસને હજી સુધી દાનચોરીના



કૌભાંડમાં તેમની સંડોવણીના કોઈ પુરાવા મળ્યા નથી આમ છતાં દેખીતી રીતે ટ્રસ્ટમાં તેમની નિમણૂક એક વિવાદનો વિષય હતી. આ વિવાદ પાછળ મુખ્યત્વે વિશ્વ હિન્દુ પરિષદનું આંતરિક રાજકારણ જવાબદાર હતું જેણે ૧૯૮૪થી મંદિર આંદોલનનું નેતૃત્વ કર્યું હતું. ભાજપના વર્તુળોનું કહેવું છે કે ટ્રસ્ટના પ્રમુખ મહંત નૃત્યગોપાલ દાસજી મહારાજ ચંપતરાયની જનરલ સેક્રેટરી તરીકેની નિમણૂકથી નારાજ હતા . કારણ કે રામ મંદિર આંદોલનના સમયથી જ બંને વચ્ચે લાંબા સમયથી દુશ્મનાવટ ચાલી રહી હતી. બંને આ આંદોલનનો અભિન્ન હિસ્સો હતા પરંતુ સાથે જ વર્ચસ્વ મેળવવા માટે એકબીજાના હરીફ પણ હતા. મહંત નૃત્યગોપાલ દાસજી મહારાજ શરૂઆતથી જ મંદિર આંદોલન સાથે જોડાયેલા હતા. આ આંદોલન ૧૯૬૦ના દાયકામાં નાના પાયે શરૂ થયું હતું પરંતુ ૧૯૮૪માં જ્યારે વીએચપીએ તેને પોતાના હાથમાં લીધું ત્યારે તેને વેગ મળ્યો હતો. બીજી તરફ ચંપતરાય વીએચપીના શક્તિશાળી વડા સ્વર્ગસ્થ અશોક સિંઘલના નજીકના સાથી હતા અને બાદમાં તેમને સંગઠનના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. તેઓ પણ મંદિર આંદોલન સાથે ગાઢ રીતે જોડાયેલા હતા. તેમની દુશ્મનાવટ ત્યારે વધુ ઘેરી બની જ્યારે વીએચપીએ મહંત નૃત્યગોપાલ દાસજી મહારાજને 'રામ જન્મભૂમિ ન્યાસ 'ના વડા તરીકે નિયુક્ત કર્યા, જે ટ્રસ્ટની સ્થાપના ૨૦૦૩માં મંદિરના સંભવિત નિર્માણની દેખરેખ માટે કરવામાં આવી હતી. જોકે, ચંપતરાય પાસે ન્યાસમાં કોઈ સત્તાવાર હોદ્દો નહોતો, પરંતુ સિંઘલ સાથેના તેમના ગાઢ સંબંધોને કારણે તેઓ ત્યાં એક પ્રભાવશાળી અવાજ બની રહ્યા હતા. જ્યારે આખરે મંદિરનું નિર્માણ થયું અને રામ મંદિર ટ્રસ્ટની રચના કરવામાં આવી ત્યારે આંદોલન સાથેના દાયકાઓ જૂના જોડાણને કારણે બંનેને ટ્રસ્ટમાં સ્થાન આપવું પડ્યું પરંતુ તેમની વચ્ચેની સ્પર્ધા ચાલુ જ રહી. દાનની ઉચાપત અને આટલી સંવેદનશીલ બાબત સાર્વજનિક થવા પાછળનું રહસ્ય વધુ ઘેરું બન્યું છે.

## ખામેનીના અંતિમ સંસ્કારમાં ભારતનું પ્રતિનિધિત્વ

ઈરાનના દિવંગત સર્વોચ્ચ નેતા આયાતોલ્લાહ ખામેનીના અંતિમ સંસ્કાર માટે પસંદ કરાયેલા સરકારી પ્રતિનિધિમંડળે રાજદ્વારી વર્તુળોને આશ્ચર્યમાં મૂકી દીધા છે. ઘણા વિદેશ નીતિના નિષ્ણાતો માને છે કે ભારતે ભૂતકાળની જેમ આ વખતે પણ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ મોકલવું



જોઈતું હતું. મોદી સરકાર આ અંતિમ સંસ્કાર માટે બિહારના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈન અને વિદેશ મંત્રાલયના જુનિયર મંત્રી પબિત્ર માર્ગેરિટાને મોકલી રહી છે. આની તુલના ઈરાની નેતાઓના અગાઉના અંતિમ સંસ્કારમાં ગયેલા ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળો સાથે કરો. ઉદાહરણ તરીકે ૨૦૨૪માં મોદી સરકારે દિવંગત ઈરાની રાષ્ટ્રપતિ ઈબ્રાહિમ રાયસીના અંતિમ સંસ્કાર માટે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને મોકલ્યા હતા. ૧૯૮૯માં ભારતે ખામેનીના પુરોગામી આયાતોલ્લાહ રુહોલ્લાહ ખામેનીના અંતિમ સંસ્કારમાં પોતાના વિદેશ મંત્રીને મોકલ્યા હતા. એવું માનવામાં આવે છે કે, આ અંતિમ સંસ્કાર જે કેટલાક દિવસો સુધી ચાલવાની અપેક્ષા છે, તેમાં વિશ્વભરના નેતાઓ એકત્રિત થશે . કારણ કે ઈરાન તેના ઊર્જા સંસાધનો અને હોર્મુઝની સામુદ્રધુની પરના નિયંત્રણને કારણે ભૂ-રાજકારણમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે. અહીંના નિષ્ણાતો આશ્ચર્યચકિત છે કે ભારતે એવા સમયે મધ્યમ સ્તરનું પ્રતિનિધિમંડળ મોકલવાનું કેમ પસંદ કર્યું જ્યારે વિશ્વના અગ્રણી નેતાઓની હાજરીની અપેક્ષા છે અને એવા સમયે જ્યારે ઈરાન વિશ્વના ઊર્જા બજારમાં એક મજબૂત ખેલાડી તરીકે ઊભરી આવ્યું છે.

## પાસપોર્ટ અને નાગરિકતા અંગે નવો વિવાદ

વિદેશ મંત્રાલયે પાસપોર્ટને માત્ર એક પ્રવાસ દસ્તાવેજ તરીકે દર્શાવવા અને તે નાગરિકતાનો પુરાવો નથી તેવી બારીક ભેદરેખા દોરવા માટે આ સમય જ કેમ પસંદ કર્યો ?આ વિવાદાસ્પદ નિવેદન જેણે જાહેર ક્ષેત્રમાં તીવ્ર ચર્ચા જગાવી છે તે ૨૪ જૂનના રોજ 'પાસપોર્ટ સેવા દિવસ ' પર આવ્યું હતું. વિદેશ મંત્રાલયે ૧૪મી વખત આ દિવસ ઉજવવાનું નક્કી કર્યું હતું. જોકે ભૂતકાળમાં મંત્રાલયે ક્યારેય આવો ભેદ દર્શાવ્યો નહોતો. આ જ કારણ છે કે મોટા ભાગના પાસપોર્ટ ધારકો માનતા હતા કે તેમનો પાસપોર્ટ તેમની ભારતીય નાગરિકતાનો અંતિમ અને સર્વોચ્ચ પુરાવો છે. તો પછી અત્યારે જ કેમ જ્યારે ચૂંટણી પંચ મતદાર યાદીઓની તેની વિવાદાસ્પદ વિશેષ સઘન સમીક્ષા (એસઆઈઆર ) કરી રહ્યું છે અને મતદારોની નાગરિકતાની તપાસ થઈ રહી છે ?રાજકીય વર્તુળો માને છે કે વિદેશ મંત્રાલયનું આ નિવેદન સરકાર દ્વારા ભવિષ્યમાં હાથ ધરવામાં આવનારી એક મોટી કવાયતનો સંકેત છે જે આપણી નાગરિકતાને સૂક્ષ્મ તપાસના દાયરામાં લાવી દેશે. પશ્ચિમ બંગાળમાં આ સઘન સમીક્ષા (એસઆઈઆર ) કવાયત દરમિયાન ૨૭ લાખ લોકોના નામ શંકાસ્પદ યાદીમાં મૂકવામાં આવ્યા બાદ તેઓ ભારતીય નાગરિક તરીકેના પોતાના દરજ્જા અને લાભો અંગે પહેલેથી જ અનિશ્ચિતતાનો સામનો કરી રહ્યા છે. હજી કેટલા લાખ લોકોએ આવી જ પરિસ્થિતિનો સામનો કરવો પડશે ?




**સટાક** — **કમલ**

